### વિસનગરમાં પાટીદાર સમાજની રેલીનું કવરેજ કરવા ગયેલા

# પત્રકારો પર થયેલા હુમલાને અરવલ્લી જિલ્લાના પત્રકારોએ વખોડી કલેકટરને આવેદનપત્ર આપ્યુ

## ધારાસભ્યની ઓફિસમાં થયેલ તોફડોડનુ કવરેજ કરતા સમયે અસમાજીક તત્વો ધ્વારા હુમલો કરાયો

મોડાસા, તા.૨૩

છેલ્લા કેટલાય દિવસથી પાટીદાર સમાજ ધ્વારા અનામત મેળવવાની માંગ સાથે રાજય વ્યાપી આંદોલનનુ રણશીંગુ ફુકયુ છે. ત્યારે આ સંદર્ભે આજ રોજ વીસનગર ખાતે પાટીદાર સમાજના લોકો ધ્વારા અનામતની માંગણી સાથે એક રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આ રેલીમાં વીસનગરના સ્થાનીક ધારાસભ્ય ઋષિકેશભાઈ હાજર ન રહેતા વીફરેલા ટોળાએ ધારાસભ્યની ઓફીસનો કચ્ચારઘાણ બોલાવ્યો હતો. આ તમામ ઘટના કવરેજ કરવા ગયેલા ઈલેકટ્રોનીક મીડીયા અને પ્રીન્ટ મીડીયાના પત્રકારો પર તે સમયે કેટલાક અસામાજી તત્વો ધ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

સમગ્ર ભારતમાં છેલ્લા કેટલાય સમયથી સમાજ માટે ચોથી જાગીર સમાન પત્રકારો પર યેનકેન પ્રકારે હુમલા કરવામાં આવી રહયા છે. થોડાક દિવસો જ પહેલા આજતકના એક પત્રકારનુ વ્યાપમ કૌભાંડ બહાર લાવવા બદલ મધ્યપ્રદેશમાં હત્યા કરવામાં આવી હતી. તે ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં તો આજે ફરીથી કેટલાક અસામાજીક તત્વો ધ્વારા ગુજરાતના વીસનગર ખાતે પત્રકારો પર હુમલો કરી કેમરા અને માઈક છીનવી લેવાનો બનાવ બન્યો હતો.

સમગ્ર ભારતભરમાં પત્રકારો પર થઈ રહેલા હુમલઓને લઈને સમગ્ર ભારતભરના પત્રકારોએ હવે પત્રકારોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર ધ્વારા જલ્દીથી યોગ્ય કાનુન બનાવવામાં આવે તેવી માંગ સાથે દિલ્હીના જંતર મંતર ખાતે ધરણા પ્રદર્શન પણ યોજાયુ હતુ અને ભારતના દરેક રાજયોમાં જીલ્લા વાઈજ તમામ પત્રકારોએ એક થઈને પત્રકારો પર દિવસે ને દિવસે વધતા જતા હુમલાઓની ચિતા વ્યકત કરીને ચોથી જાગીર કેટલાક અસામાજીક તત્વો ધ્વારા દબાવી દેવાનો પ્રયાસ કરવામાં આવે છે તે સાંખી નહી લેવાય તે બાબતે કલેકટરોને આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યા હતા.

ત્યારે આજરોજ વિસનગર ખાતે પાટીદાર સમાજ ધ્વારા અનામતની માંગ સાથે એક રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આ રેલીમાં વીસનગરના સ્થાનીક ધારાસભ્ય ઋષિકેશભાઈ હાજર ન રહેતા વીફરેલા ટોળાએ ધારાસભ્યની ઓફીસનો કચ્ચારઘાણ બોલાવ્યો હતો. આ તમામ ઘટના કવરેજ કરવા ગયેલા ઈલેકટ્રોનીક મીડીયા અને પ્રીન્ટ મીડીયાના પત્રકારો પર તે સમયે કેટલાક અસામાજી તત્વો ધ્વારા કવરેજ કરવા ગયેલા ઈલેકટ્રોનીક અને પ્રીન્ટ મીડીયાના પત્રકારો જેમાં ટીવી-૯માંથી સુરેશ, ડી.ડી. ન્યુઝના વનરાજસિંહ, દિવ્ય ભાસ્કરના ઈન્દ્રવદન અને જી.એસ. ટીવીના સંકેત સીડાના પર કેટલાક અસામાજીક તત્વો ધ્વારા હુમલો કરવામાં આવ્યો હતો અને પત્રકારોના કેમેરા અને માઈક છીનવી લેવામાં આવ્યા હતા. જયારે આ રેલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પોલીસે ૬ રાઉન્ડ ગોળીબાર કરવાની ફરજ પડી હતી. ત્યારે આજે આ પત્રકારો પર થયેલા હુમલા સંદર્ભે અરવલ્લી જીલ્લાના પત્રકારોએ એક જુથ થઈ અને પત્રકારોની પડખે રહી અરવલ્લી જીલ્લા કલકેટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ અને ભવિષ્યમાં પત્રકારો જોડે ફરીથી આવી ઘટના ઘટશે તો પત્રકારો ધ્વારા સાંખી લેવામાં નહી આવે તેમ જણાવી આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પત્રકાર સંઘના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, પત્રકાર પ્રેસ પરીષદના ગુજરાત રાજયના પ્રભારી મહેન્દ્ર પ્રસાદ, પ્રભુદાસભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ (દિવ્ય ભાસ્કર) પત્રકાર પ્રેસ પરીષદના ઉત્તર ગુજરાતના પ્રચાર મંત્રી તસલીમભાઈ સુથાર, જીએસ ટીવીના પત્રકાર રાકેશભાઈ પટેલ, ભરતભાઈ કડીયા, અલ્પેશભાઈ પટેલ, અશોકભાઈ પરમાર, પ્રમોદભાઈ પંડયા, વિનોદભાઈ ભાવસાર તેમજ મોટી સંખ્યામાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહયા હતા.

# સાબરકાંઠા - અરવલ્લીમાં મેગીના તમામ નમૂના ફેલ

મોડાસા, તા. ૨૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ફુડ વિભાગે ઈડર, પ્રાંતિજ અને બાયડમાંથી મેગીનિા અંદાજિત ૪ સેમ્પલ પરીક્ષણ માટે વડોદરાની લેબોરેટરીમાં મોકલ્યાં હતાં જેનો તાજેતરમાં રીપોર્ટ આવ્યો છે જે મેગી આરોગનારાઓ માટે ચિંતાજનક છે. જિલ્લામાંથી કુલ - ૪ નમૂના પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જે તમામમાં શિશાનું ભયજનક પ્રમાણ જોવા મળતાં રીપોર્ટ ફેઈલ આવ્યા છે.

ગુજરાતમાંથી પણ મેગીના નમૂના વડોદરા સ્થિત ફુડ વિભાગની લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલાયા પછી એક પછી એક નેગેટીવ રીપોર્ટ બહાર આવી રહ્યા છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ફુડ વિભાગના ઈન્સ્પેક્ટર જે. બી. રાઠોડ, ટી. એચ. પટેલ અને ટી.બી. ચૌધરી સહિતની ટીમોએ ઈડર, પ્રાંતિજ અને બાયડમાંથી મેગીનું વેચાણ કરનારા વેપારીઓને ત્યાંથી ૪ જેટલા નમૂના લેબોરેટરી પરીક્ષણ માટે મોકલ્યા હતા. જેનો તાજેતરમાં રીપોર્ટ ફેઈલ આવતાં મેગી ઉપર લગાવાયેલા પ્રતિબંધ યથાવત રહેશે તેવું જણાઈ રહ્યું છે.

### મેગી નૂડલ્સના ક્યાં ક્યાંથી નમૂના લેવાયા

| વિસ્તાર | એજન્સીનું નામ | પ્રકાર |
| --- | --- | --- |
| ઈડર | મેઘદૂત એજન્સી | મેગી નુડલ્સ |
| પ્રાંતિજ | રોહીત સેલ્સ | મેગી નુડલ્સ |
| મોડાસા | શના એન્ટરપ્રાઈઝ | સનફીસ્ટ નુડલ્સ |

# મોટી ઈસરોલ નજીક ઝાયલો કાર ખાઈમાં ખાબકી : કારચાલકનો આબાદ બચાવ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લામાં મોડાસા-શામળાજી રાજયધોરીમાર્ગ પર અકસ્માતની ઘટનાઓ છાશવારે સર્જન થતું રહે છે. બુધવારે રાત્રે મોડાસા તાલુકાના મોટીઈસરોલ નજીક ઝાયલો કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં કાર રોડની સાઈડમાં ઉતરી પલટી ખાઈ જઈ ઊંડી ખાઈમાં ખાબકી હતી. સદનસીબે કારચાલકનો આભાદ બચાવ થયો હતો.

મોડાસા-શામળાજી રાજય ધોરીમાર્ગ પર ભારે વાહનોની અવરજવર વધારે પ્રમાણમાં રહેવાની સાથે વાહનચાલકો બેફામગતિએ અને પુરઝડપે ગફલતભરી રીતે હંકારતા હોવાથી વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોવાથી કેટલાક અકસ્માતની ઘટનાઓમાં તો નિર્દોષ લોકોએ પણ જાન ગુમાવ્યાની ઘટનાઓ ભૂતકાળમાં સામે આવી છે. મોડાસા-શામળાજી હાઈવે પર આવેલા મોટી ઈસરોલ ગામ નજીક ઝાયલો કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં એકાએક રોડની સાઈડમાં ઉતરી બે પલટી મારી પરનો કાબુ ગુમાવતા જાયલો કાર (ગાડી નં. આરજે૨૭૦એ-૫૦૮૬) પલટી ખાઈ નજીક રહેલી ગાંડા બાવળોથી ખીચોખીચ ભરેલી ખાઈમાં ખાબકી હતી. અને ઝાયલોકાર ઉદેપુર


(તસવીર : જય અમીન, મોડાસા)

ખાઈમાં ખાબકી હતી. સદ્‌નસીબે ડ્રાયવર સંપતલાલ વિરવાલનો આબાદ બચાવ થયો હતો. ડ્રાયવર સંપતલાલ ઉદેપુરથી પોતાના ધંધાર્થે સુરત જઈ પરત પોતાના વતન ઉદેપુર તરફ જઈ રહ્યા હતા. ત્યારે મોટી ઈસરોલ નજીક એકાએક સ્ટીયરીંગ જવાને બદલે ફરીથી સુરત જવા તરફની દિશાએ મોં ફેરવ્યુ હતુ. સદનસીબે કાર ગાંડાબાવળની ખાઈમાં ખાબકી હોવા છતાં કારચાલકનો સદ્‌નસીબે સામાન્ય ઈજાઓ થવા સાથે આબાદ બચાવ થયો હતો.

# સાબરકાંઠા જિલ્લા પંચાયતના ૮ સિનિયર ક્લાર્કની અરવલ્લીમાં બદલી

મોડાસા, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લા પંચાયત દ્વારા તાજેતરમાં કેટલાક જુનિયર ક્લાર્કની બઢતીની ફાઈલ તૈયાર હોવા છતાં તેમનો સિનિયર ક્લાર્ક તરીકે બઢતી આપવાને બદલે સાબરકાંઠા જિલ્લા પંચાયતના હાલના સિનિયર ક્લાર્કને અરવલ્લી જિલ્લામાં બદલી કરતાં વિવાદ વધામણાં કર્યા છે. તો બીજી તરફ વહીવટી તંત્રના બેદરકાર અધિકારીઓના કારણે સિનિયર ક્લાર્ક અરવલ્લીમાં બદલી કરતાં સરકારની તિજોરીને વધુ ૧ લાખથી વધુનો ખાડો પડશે.

જિલ્લા પંચાયતના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ વહીવટી તંત્ર દ્વારા તાજેતરમાં જ બદલી બઢતીનો ગંજીપો ચિપાયો હતો. જેમાં ૨૭ કર્મચારીઓની બદલી અરવલ્લી જિલ્લામાં કરવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લા પંચાયતના કેટલાંક જુનિયર ક્લાર્કની બઢતી ફાઈલો તૈયાર હોવા છતાં જિલ્લા પંચાયતના અંધેર વહીવટના કારણે જુનીયર ક્લાર્કને સિનિયર ક્લાર્ક તરીકે બઢતી આપવાને બદલે સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં હાલ ફરજ બજાવતા ૮ જેટલા સિનિયર ક્લાર્કની અરવલ્લીમાં બદલી કરાતાં વિવાદના વધામણાં થયા છે.

હાલ સિનિયર ક્લાર્ક તરીકે સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા ૮ જેટલા કર્મીઓને અરવલ્લીમાં બદલી કરાતાં વિવિધ શાખાઓની કામગીરી તો હવે ચોક્કસથી ટલ્લે ચડે તો નવાઈ નથી. તો બીજી તરફ વહીવટી તંત્રના બેદરકાર અધિકારીઓના કારણે સિનિયર ક્લાર્ક અરવલ્લીમાં બદલી કરતાં સરકારની તિજોરીને વધુ ૧ લાખથી વધુ ખાડો પડશે.

# પ્રાંતિજ માર્કેટ યાર્ડના ડિરેક્ટરોની ૧૪ બેઠકો માટે ૩૦ ઉમેદવારો મેદાને

## બોગસ મંડળીઓ બનાવી સત્તા હાંસલ કરવાના કૌભાંડનો પર્દાફાશ : હાઈકોર્ટ દ્વારા ૬૩ મતદારો રદ કર્યા

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની કારોબારીની ૧૪ બેઠકો માટેની ચૂંટણી તા. ૩૦મી જુલાઈએ યોજાનાર છે. જેમાં ૩૦ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી કરેલ છે.

માર્કેટયાર્ડની આ ચૂંટણીમાં ખેડૂત વિભાગની બેઠકમ માટે ૧૮ ઉમેદવારો મેદાનમાં છે. અને તેમને ૪૨૬ જેટલા ખેડૂત વિભાગના મતદારો મતદાન કરી વિજયી બનાવશે. જ્યારે વેપારી વિભાગમાં આઠ જેટલા વેપારી ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમને ૭૮૪ જેટલા વેપાર મતદારો યોગ્ય ઉમેદવારોને પસંદ કરી મતદાન કરશે. તો સહકાર વિભાગમાં ચાર જેટલા ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉભા છે તેમાં ૨૨૭ જેટલા સહકારના મતદારો મતદાન કરી વિજયી બનાવશે.

સહકારી સંસ્થા હસ્તગ્રસ્ત કરવા ભાજપ કોંગ્રેસના કાર્યકરો એક થઈ ગયા છે પક્ષ કે પાર્ટીના નિયમો નેવે મુક્યા છે. અને તેમાંય ખેડૂત, વેપારી, સહકાર વિભાગના કુલ ૧૪૩૭ મતદારો પૈકી હાઈકોર્ટના આદેશ નં. એસ.સી. મે. ૯૬૫૭/૨૦૧૫, ૯૬૫૮/૨૦૧૫, ૯૬૫૯/૨૦૧૫ ના હૂકમથી મતદારો પૈકી ૬૩ જેટલા સહકાર વિભાગના મતદારોને રદ કરવાનો હૂકમ તા. ૧૪-૭-૨૦૧૫ના રોજ કરતાં સહકારી આલમમાં ખોટી મંડળીઓ બનાવી માત્ર સત્તા હાંસલ કરવા માટે ખોટુ કરવા વાળાઓના મોઢા વીલા પડી ગયા છે.

જે ૬૩ મતો રદ કરવાનો હૂકમ છે તેમાં મોટા ભાગે પિલુદરા ફળ અને શાકભાજી ઉ.સ.મં.લી. આમોદરા ફળ અને શાકભાજી ઉ.સ.મં.લી. સહિતની મંડળીઓની પ્રવૃત્તિ કોર્ટ દ્વારા ચકાસણી કરાતાં આ મંડળીઓ પ્રવૃત્તિ કરતી ન હોઈ મતદાનને યોગ્ય ન હોઈ ૬૩ મતો રદ કરવાના આદેશો કરેલ છે.

પ્રાંતિજ માર્કેટયાર્ડની ચૂંટણી માટેના તમામ ખેલ ઉમેદવારો ખેલે છે. ત્યાં જ તા. ૧૪-૭-૨૦૧૫ના કોર્ટનો ચૂકાદો કોને કેવા પરિણામ અપાવશે એ તો તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ ખબર પડશે.

# ધાનેરાના સામરવાડા ગામે હત્યા કરનાર આરોપી જેલના હવાલે

ધાનેરા, તા. ૨૩

સામરવાડા ગામે એક આદીવાસી યુવકની હત્યા કરીને તેના મૃતદેહને જમીનમાં દાટી દેવાઈ હતી અને સાત દિવસ બાદ મૃતદેહને બહાર કાઢી તપાસ કરતાં શંકાના આધારે તપાસ હાથ ધરતા હત્યાનો મામલો બહાર આવતાં બેઈસમોસામેહત્યાની ફરીયાદ નોંધાતા એક ઈસમને ધાનેરા પોલીસે જેલના હવાલે કર્યો હતો. બીજાને ઝડપી પાડવા પણ ચક્રો ગતીમાન કર્યા છે.

સામરવાડા ગામે તા. ૧૬ જુલાઈના રોજ જમીનમાં દટાયેલ મૃતદેહના સમાચાર મળતા ધાનેરા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરતાં તે મૃતદેહની ઓળખવિધિ થતાં તે સામરવાડા ગામના વાઘાભાઈ ગણેશભાઈ માજીરાણા હોવાનું બહાર આવ્યું હતું. જેથી મરનાર યુવકના વિતાએ ધાનેરા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ધાનેરા પીએસઆઈ એમ.ટી. રબારીએ તપાસ હાથ ધરતાં તેના જ ગામના શ્રવણ બાબુભાઈ માજીરાણા ઉપર શંકા જતાં તપાસ હાથ ધરતા તેના પત્નિ વિમળાબેનની તપાસ કરતા શ્રવણભાઈ તથા દિલીપભાઈ માજારાણાએ હત્યા કરી હોવાનું બહાર આવતા બે ઈસમો સામે પોલીસે ફરીયાદ દાખલ કરી હતી. શ્રવણભાઈ બાબુભાઈ માજીરાણા રહે. સામરવાડા, દિલીપભાઈ પ્રભુભાઈ માજીરાણા રહે. અમદાવાદ વાળાને ઝડપી પાડવા ચક્રો ગતીમાન કરતાં શ્રવણ માજીરાણા પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો જેથી તેને જેલ હવાલે કર્યો હતો. અને તપાસ દરમ્યાન તેણે કબુલ કર્યુ કે વાઘાએ દારૂ પીને દિલીપ તથા શ્રવણને ગાળો બોલી હતી જેથી દિલીપે ધોકો મારીને વાઘાને પાડી દીધેલ અને ત્યારબાદ ગળા ઉપર પગ મુકીને મારી નાંખેલ અને મરી જતાં તેને ભેંકાર પડેલ ખેતરમાં ખાડો ખોદી દાટી દેવામાં આવ્યો હતો. જેથી આ બાબતે ધાનેરા પોલીસે મુખ્ય આરોપી દિલીપ પ્રભુ માજીરાણાને ઝડપી પાડવા માટે ચક્રો ગતીમાન કર્યા છે.

# ધનસુરામાં વોલ્ટેજ વધી જતા ગ્રાહકોના ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો બળી ગયા

ધનસુરા, તા. ૨૩

ધનસુરાના જનતાનગરમાં એકાએક વીજ પુરવઠો ખોરવાતા વોલ્ટેજ ઉપર નીચે થતા મોટા પ્રમાણમાં ઈલેક્ટ્રોનિક સાધનો ઝાટકા સાથે બળીને ખરાબ થઈ ગયા હતા. પરિણામે રહિશોએ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. વીજ પુરવઠો કલાકો સુધી બંધ રહેતા અચાનક જ વીજપુરવઠો પુનઃ શરૂ થતા નગરના ૨૦ જેટલા ઘરોમાં પંખા, ફ્રિજ, ટીવી વગેરે ઈલેક્ટ્રોનિક સાધનો ધડાકાભેર બળી ગયા હતા. આથી હજારોનું નુકશાન ભોગવનારને વળતર મળે તે જરૂરી છે.

# અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૨૩

ગૃહ રાજ્યમંત્રી અને અરવલ્લી જિલ્લા પ્રભારી મંત્રી રજનીકાન્ત પટેલની અધ્યક્ષતા અને અરવલ્લી જિલ્લા કલેકટર છાકછુઆકની ઉપસ્થિતિમાં અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક મોડાસા ક્લેક્ટર કચેરી સભાખંડ ખાતે યોજાઈ હતી.


(તસવીર : જય અમીન, મોડાસા)

આ બેઠકમાં ગુજરાત પેટર્ન યોજના આયોજિત વર્ષ ૨૦૧૫-૧૬ના સદરવાર જોગવાઈ સામે કરેલ આયોજનની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. જે પૈકી પાક અને કૃષિ, બાગાયત ખેતી, ખેતી, ભૂમિ અને જળ સંરક્ષણ, પશુપાલન - ડેરી, મત્સ્યોદ્યોગ, વન પર્યાવરણ, પર્યાવરણ, સહકાર, ગ્રામ વિકાસ, વીજળી, નાગરીક પુરવઠા, પુરવઠા, રસ્તા અને પુલો, શિક્ષણ, આવાસન, પોષણ, મધ્યાહન ભોજન, ભોજન સેવા વિષયો પર ગૃહ રાજ્ય મંત્રી શ્રી પટેલે વિગતવાર માહિતી મેળવીને સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

આ બેઠકના બીજા તબક્કામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ જન્મજયંતિની ઉજવણી સંદર્ભે વર્ષ દરમિયાન યોજવામાં આવનારા કાર્યક્રમો અંગે પણ ગૃહ રાજ્ય મંત્રીએ ચર્ચા કરી માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

બેઠકમાં ઉપસ્થિત ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલભાઈ જોષીયારાએ આદિજાતિ વિકાસને લગતા ભિલોડા તાલુકાના પ્રશ્નોની રજૂઆત કરી હતી.

આ બેઠકમાં અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નેહાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુધીર પટેલ, અધિક ક્લેક્ટર ગજરે, જિલ્લા પોલીસ અધિક્ષક ચૌહાણ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક ઠાકુર સહિત અમલીકરણ અધિકારીો ઉપસ્થિત રહ્યા હતા.

# સેરલિપમાંથી અશોક વાઘરી સર્વપ્રથમ પીએચ.ડી. થયા

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ જીવન-કાર્ય અધ્યયન-સંશોધન સંસ્થાન (સેરલિપ)માંથી ઈતિહાસ વિષયમાં 'સરદાર વલ્લભભાઈ પટેલ પર ગાંધી વિચારની અસર' એ વિષય પર શ્રી અશોકભાઈ બાબુભાઈ વાઘરીને સરદાર પટેલ યુનિવર્સિટીએ પીએચ.ડી.ની પદવી એનાયત કરીને એક નવા ઈતિહાસનાં મંડાળ કર્યા છે. શ્રી વાઘરીના માર્ગદર્શન તરીકે અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થા ભો.જે. વિદ્યાભવનના નિયામક ડૉ. આર.ટી. સાવલિયાએ સેવાઓ આપી હતી.

સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે સેરલિપમાંથી સર્વપ્રથમ પીએચ.ડી.ની પદવી મેળવનાર અશોક વાઘરીને હૃદયનાં અભિનંદન પાઠવ્યા હતા અને જીવનમાં સતત અધ્યયન-સંશોધન કરતા રહેવા માટેની શીખ સાથે શુભકામના પાઠવી હતી. સીવીએમના માનદ મંત્રી અને સેરલિપના પ્રભારી પ્રિ. એસ.એમ. પટેલે પણ શુભેચ્છાસહ અભિનંદન આપ્યાં હતા.

સાબરકાંઠા જિલ્લાના ઈડર પાસેના સદાતપુરા ગામના વતની શ્રી અશોક વાઘરીએ સંઘર્ષમય જીવન અને સામાજિક જવાબદારીઓ નિભાવવાની સાથે પીએચ.ડી.ની પદલી હાંસલ કરવા માટે કરેલો પરિશ્રમ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ અનુકરણીય હોવાનું સેરલિપના નિયામક ડૉ. હરિ દેસાઈએ જણાવ્યું હતું. સરદાર પટેલના જીવન અને કાર્યો અંગે સમગ્ર દેશમાં સર્વપ્રથમ અને એકમાત્ર સંશોધન સંસ્થામાંથી સર્વ પ્રથમ પીએચ.ડી.ની પદવી મેળવનાર શ્રી અશોક વાઘરીને સેરલિપમાં અધ્યાપકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા. શૈક્ષણિક કર્મચારીઓ વતી ડૉ. પારૂલટીના દોશીએ, બિન શૈક્ષણિક કર્મચારીઓ વતી શ્રી ભાવેશ પટેલે અને વિદ્યાર્થીઓ વતી શ્રી દિવ્યેશ પટેલે શ્રી વાઘરીનું સન્માન કર્યું હતું.


(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

## ધાનેરા નજીક ૩ ઓવરલોડ ટ્રક પોલીસે ઝડપી

બનાસકાંઠાના ધાનેરા વિસ્તારમાં ખનીજ તેમજ રેતી ભરી ગેરકાયદેસર ઓવરલોડ ટ્રકો દિવસ-રાત દોડી રહી છે. આ અંગેની વારંવાર ફરિયાદો મળતા ધાનેરા પોલીસ ગતરોજ વોચ ગોઠવી હતી. દરમિયાન બનાસકાંઠામાંથી રાજસ્થાન તરફ દોડતી ઓવરલોડ ટ્રકો પૈકી ૩ ટ્રકોને ઝડપી પાડી હતી. પોલીસ ત્રણેય ટ્રક જમા કરી ચાલક સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી અને રૂ. ૭૨ હજારનો દંડ વસુલ્યો હતો.

# મોડાસામાં જેસીરેટ વિંગની સ્થાપના કરાઈ

મોડાસામાં જેસીરેટ વિંગની સ્થાપના કરવામાં આવી અને તે માટેની જરૂરી કાર્યવાહી કરવા માટે જેસીઆઈ મોડાસાની સત્તાવાર મુલાકાતે આવેલ જેસીઆઈ ઈન્ડીયાના એજયુકેટીવ વાઈસ પ્રેસીડેન્ટ રામકુમાર મેનન, ઝોન વાઈસ પ્રેસીડેન્ટ જેસી હેમલ શાહ અને હીરેન શાહની હાજરીમાં ડ્રાફટ સુપરત કર્યો હતો અને પ્રથમ જેસીરેટ પ્રમુખ તરીકે સ્વાતીબેન દેવકર સેક્રેટરી તરીકે બીના શાહ અને ટ્રેઝરર તરીકે ચંદ્રીકાબેન પટેલના નામની જાહેરાત કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં લોમ પ્રમુખ ડૉ. સંતોષ દેવકરે સ્વાગત પ્રવચન કર્યુંહતું અને ઈવીપી રામકુમાર મેનનનો પરિચય સેક્રેટરી ધર્મેન્દ્ર ત્રિવેદીએ આપ્યો હતો. જયારે મુલાકાતનો હેતુ ઝેડવીપી હેમલ શાહે બતાવ્યો હતો. ત્યાર બાદ મહેમાનોનું ફુલછડી અને મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઈવીપી રામકુમાર મેનને જેસીઆઈ મોડાસાની સ્થાપનાના ત્રણ માસમાં જેસીરેટ વિંગની સ્થાપના કરી શક્યું છે તે બદલ પ્રમુખ ડૉ. સંતોષ દેવકરને અભિનંદન આપ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન જેસીઝ મિલ્ક કમિટીના ચેરમેન નવનીતભાઈ પરીખ, જય અમીન, ભાવેશ જયસ્વાલ, ડૉ. મધુસુદન વ્યાસ, ડૉ. હસમુખભાઈ પટેલ, નિલેશ જોષી વગેરે તમામ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જયારે કાર્યક્રમની આભાર વિધિ સેક્રેટરી રવિ શાહે કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦